# આજથી પ્રથમ ટેસ્ટ : ભારત સામે મુખ્ય પડકાર આફ્રિકન સ્પિન ત્રિપુટી

**દક્ષિણ** આફ્રિકાએ સ્પિનરોના બળે પાકિસ્તાન સામેની સીરિઝ ડ્રો કરી હોવાથી તેમનું મનોબળ ઉંચુ રહેશે

**ન્યૂઝીલેન્ડ** સામેની સીરિઝમાંથી પાઠ ભણ્યું હોવાથી ભારતે કોલકાતામાં સ્પિન ટ્રેકની માગણી કરી જ નથી

**સવારે** 9.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર



કોલકાતા, તા. 13 (પીટીઆઈ) : દક્ષિણ આફ્રિકના ભારત પ્રવાસની બે ટેસ્ટ મેચની સીરિઝની પ્રથમ ટેસ્ટ આવતીકાલે શુક્રવારથી સ્વારે 9.30 વાગ્યાથી અહીં શરૂ થઈ રહી છે ત્યારે ભારતના સ્ટાર બેટ્સમેનોને પોતાની કુશળતા સાથે પ્રવાસી ટીમના પ્રચંડ સ્પિન આક્રમણની ખરી કસોટીનો સામનો કરવો પડશે. ભારતે એ યાદ કરી લેવું જોઈએ કે ગયા વર્ષે ઘરઆંગણે ન્યૂઝીલેન્ડ સામે ભારતનો 3-0થી પરાજય થયો હતો, જેમાં કિવી સ્પિનરો એજાઝ પટેલ, મિચેલ સેન્ટનર અને ગ્લેન ફિલિપ્સે ત્રણ ટેસ્ટમાં 36 વિકેટ લીધી હતી. દક્ષિણ આફ્રિકાનું બોલિંગ આક્રમણ હાલમાં સ્પિનરો પર નિર્ભર છે અને તેથી યજમાન ટીમે ધીમા બોલરો સામે પોતાનું પ્રદર્શન સુધારવું પડશે.

વર્તમાન વિશ્વ ટેસ્ટ ચેમ્પિયન દક્ષિણ આફ્રિકા સામાન્ય રીતે તેમના ગુણવત્તાયુક્ત ઝડપી બોલરો માટે જાણીતું છે, પરંતુ હાલમાં તેમની પાસે એક શક્તિશાળી સ્પિન ગ્રુપ છે. તેઓએ તાજેતરમાં પાકિસ્તાન સામેની સીરિઝ 1-1થી ડ્રો કરી હતી. જેમાં કેશવ મહારાજ, સિમોન હાર્મર અને સેનુરન મુથુસામીની સ્પિન ત્રિપુટીએ 39 માંથી 35 વિકેટ લીધી હતી.

ભારતના સહાયક કોચ, રાયન ટેન ડોશે, દક્ષિણ આફ્રિકાના બોલિંગ આક્રમણને ઉપખંડીય શૈલીનું ગણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે તેમની પાસે ચાર સ્પિનરો છે, જેમાંથી તેઓ ત્રણને રમાડી કરી શકે છે. એવું લાગે છે કે આપણે કોઈ ઉપખંડીય ટીમ સાથે રમી રહ્યા છીએ. તેમણે એમ પણ કહ્યું હતું કે અમે તેના વિશે વાત કરી છે. અમે ન્યુઝીલેન્ડ સામેની સીરિઝથી પાઠ શીખ્યા છીએ.

છત્રીસ વર્ષના હાર્મરે 1,000 ફર્સ્ટ ક્લાસ વિકેટો લીધી છે અને તે ભારતીય પરિસ્થિતિઓથી અજાણ નથી. દસ વર્ષ પહેલાં, હાશિમ અમલાની કેપ્ટનશીપ હેઠળ, તેણે મોહાલી અને નાગપુરમાં બે ટેસ્ટ રમી હતી, જેમાં ચેતેશ્વર પૂજારા, રોહિત શર્મા અને રિદ્ધિમાન સાહાની વિકેટો લીધી હતી. એક દાયકા પછી પણ, તે હંમેશની જેમ ચાલાક બોલર છે. ગયા મહિને રાવલપિંડીમાં રમાયેલી ટેસ્ટમાં તેણે આઠ વિકેટ લીધી હતી, જેના કારણે દક્ષિણ આફ્રિકા જીત્યું હતું અને સીરિઝ ડ્રો થઈ હતી. મહારાજ આધુનિક ક્રિકેટમાં સૌથી સચોટ અને આક્રમક સ્પિનરોમાંના એક છે. તેથી, ભારતીય બેટ્સમેન અને દક્ષિણ આફ્રિકાના સ્પિનરો વચ્ચેની સ્પર્ધા રસપ્રદ બનવાની છે.

### ભારત-દક્ષિણ આફ્રિકા ટેસ્ટ માટે કોલકાતાના ઇડન ગાર્ડન્સ નજીક કડક સુરક્ષા વ્યવસ્થા

કોલકાતા, તા. 13 (પીટીઆઈ) : કોલકાતા પોલીસે સમગ્ર મહાનગરમાં, ખાસ કરીને શુક્રવારથી જ્યાં ભારત-દક્ષિણ આફ્રિકા ટેસ્ટ શરૂ થવાની છે તે ઇડન ગાર્ડન્સ સ્ટેડિયમની આસપાસ સુરક્ષા વધારી દીધી હોવાનું એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે સ્ટેડિયમ અને આસપાસના વિસ્તારોમાં વ્યાપક સુરક્ષા વ્યવસ્થા લાગુ કરવામાં આવી છે. અધિકારીએ પીટીઆઈને જણાવ્યું હતું કે અમે બંને ટીમો માટે સુરક્ષા મજબૂત બનાવી છે, જેમાં તેમની હોટલ અને પ્રેક્ટિસ સ્થળો વચ્ચે સુરક્ષિત મુસાફરીનો સમાવેશ થાય છે. મેચના પાંચ દિવસ દરમિયાન વધુ સુરક્ષા અમલમાં રહેશે. ટ્રાફિકની સરળ અવરજવરને સરળ બનાવવા માટે જાહેર પરિવહન માર્ગોમાં ફેરફાર કરવામાં આવ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું.

### ટર્નિંગ પીચ ન હોવાની ખાતરીને કારણે બુમરાહ ઉત્સાહિત

ભારતના બેટિંગ કોચ સિતાંશુ કોટક અને કેપ્ટન શુભમન ગિલે ઘણી વખત પિચનું નિરીક્ષણ કર્યું છે. બંગાળ ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ સૌરવ ગાંગુલીએ ખાતરી આપી છે કે તે ટર્નિંગ પિચ નહીં હોય. આનાથી ચોક્કસપણે જસપ્રીત બુમરાહને પ્રોત્સાહન મળશે, જે સામાન્ય રીતે શરૂઆતમાં મૂવમેન્ટ અને પછી રિવર્સ સ્વિંગ આપતી પીચો પર ભારતનો ટ્રમ્પ કાર્ડ સાબિત થઈ શકે છે.

### ઇડન ગાર્ડન પર પહેલા બે દિવસ ઝડપી બોલરોને મદદ મળશે. પછી સ્પિનરનો જાદુ છવાશે

કોલકાતાના ઇડન ગાર્ડનની પીચ કાળી માટીથી તૈયાર થાય છે અને તેના પર રમાતી કોઇપણ ટેસ્ટના પહેલા બે દિવસ ઝડપી બોલરોને મદદ મળી શકે છે. જો કે જેમ જેમ રમત આગળ વધે અને પીચમાં તિરાડ પડવાનું શરૂ થાય તે પછી સ્પિનરનો જાદુ છવાવા માંડે છે. સામાન્યપણે અહીંના ઇતિહાસને ધ્યાને લેવામાં આવે તો અહીં બેટ્સમેનોને વધુ મદદ મળી રહે છે. આ પીચ પર રમાયેલી 42 મેચમાંથી 20 ડ્રો થઇ છે અને અહીં પ્રથમ બેટિંગ કરનારી ટીમે પછીથી બેટિંગ કરનારી ટીમ સામે 10 મેચ જીતી છે.

### આકાશ દીપ સ્થાનિક પરિસ્થિતિથી પરિચિત હોવાથી તેને પ્રાથમિકતા મળી શકે

છેલ્લા ૧૫ વર્ષમાં, કોલકાતાના ઇડન ગાર્ડન્સ પર ઝડપી બોલરોએ 61 ટકા ટેસ્ટ વિકેટ લીધી છે. જો કે તેમ છતાં આવતીકાલથી શરૂ થતી પ્રથમ ટેસ્ટમાં ભારત બે ઝડપી બોલરોને મેદાનમાં ઉતારી શકે છે. જેમાં જસપ્રીત બુમરાહની સાથે મહંમદ સિરાજ નહીં પણ આકાશ દીપને પ્રાથમિકતા મળી શકે છે. આકાશ દીપઘરઆંગણાની પરિસ્થિતિથી પરિચિત હોવાથી તેની પસંદગી કરવામાં આવશે.

### વધારાનો ઝડપી બોલર કે પછી સ્પિનરને રમાડવો તેની દુવિધા : શુભમન ગીલ



કોલકાતા, તા. 13 (પીટીઆઇ) : ભારતીય કેપ્ટન શુભમન ગીલે સ્વીકાર્યું કે સ્પિનર અને વધારાનો ઝડપી બોલર વચ્ચેની પસંદગી કોઈ સંઘર્ષથી ઓછી નથી, પરંતુ ભારત શુક્રવારથી અહીં દક્ષિણ આફ્રિકા સામે શરૂ થનારી પ્રથમ ટેસ્ટ ક્રિકેટ મેચ માટે અંતિમ અગિયાર ટીમની પસંદગી કરતી વખતે ઘરઆંગણે સ્પિનરોની મહત્વપૂર્ણ ભૂમિકાને અવગણશે નહીં. ઝડપી બોલિંગ વિભાગમાં, જસપ્રીત બુમરાહ અને મહંમદ સિરાજ ઈડન ગાર્ડન્સ ખાતે પ્લેઈંગ ઈલેવનમાં હશે, જ્યારે આકાશ દીપ ટીમમાં ત્રીજો ઝડપી બોલર છે. ભારત પાસે રવિન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર અને કુલદીપ યાદવના ચાર સ્પિનર છે. ગીલે ગુરુવારે મેચ પહેલાની પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે તે હંમેશા આવું જ હોય છે. જો તમે વધારાના ફાસ્ટ બોલર અથવા સ્પિનર સાથે જાઓ છો, તો હંમેશા સંઘર્ષ રહે છે. તેથી અમે આવતીકાલે પરિસ્થિતિનું મૂલ્યાંકન કરીશું અને અમારી પ્લેઈંગ ઇલેવન અંગે નિર્ણય લઈશું. જોકે, ગીલ એ વાતનો ઇનકાર કરી શકતો નથી કે જો કોલકાતાની પિચ સૂકી રહે તો ઝડપી બોલરોની ભૂમિકા મહત્વપૂર્ણ બની શકે છે.

### ભારતીય ધરતી પર જીતવું એ WTC જીત પછી બીજા ક્રમે છે : બાવુમા



કોલકાતા, તા. 13 (પીટીઆઇ) : વર્તમાન વિશ્વ ટેસ્ટ ચેમ્પિયન દક્ષિણ આફ્રિકાના કેપ્ટન ટેમ્બા બાવુમા માટે, ભારતને તેની ઘરઆંગણે હરાવવાની શક્યતા વિશેષ મહત્વ ધરાવે છે અને તેમનું કહેવું છે કે બે ટેસ્ટની સીરિઝ જીતવી એ આ વર્ષની શરૂઆતમાં વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશિપ જીતવા જેટલી જ મહત્વપૂર્ણ હશે. દક્ષિણ આફ્રિકા એ ભારતના ત્રણ પ્રવાસમાં સતત સાત ટેસ્ટ હારી છે અને તેમની છેલ્લી જીત 2010 માં નાગપુરમાં મળી હતી. જો કે બાવુમા માને છે કે 2023માં કોચ શુક્રી કોનરાડે કાર્યભાર સંભાળ્યો ત્યારથી ટીમે એક પણ ટેસ્ટ સીરિઝ ગુમાવી નથી બાવુમાએ ઇડન ગાર્ડન્સ ખાતે રમાનારી પ્રથમ ટેસ્ટ પહેલા કહ્યું હતું કે મને લાગે છે કે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ જીતવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. પરંતુ મને લાગે છે કે ભારતમાં જીતવું એ તેની ખૂબ જ નજીકની વાત છે.

## સુરક્ષાના કારણોસર PCBએ ત્રિકોણીય સીરિઝનું શેડ્યુલ બદલ્યું

**પાકિસ્તાન**, શ્રીલંકા અને ઝિમ્બાબ્વેને સમાવતી ત્રિકોણીય સીરિઝ હવે 18 નવેમ્બરથી શરૂ થશે અને તમામ મેચ રાવલપિંડીમાં જ રમાશે

રાવલપિંડી, તા. 13 (પીટીઆઈ) : ઈસ્લામાબાદમાં થયેલા આત્મઘાતી હુમલાને પગલે સુરક્ષા ચિંતાઓને કારણે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) એ શ્રીલંકા અને ઝિમ્બાબ્વે સામેની ટી-20 ત્રિકોણીય સીરિઝના સમયપત્રકમાં ફેરફાર કર્યો છે. નવા સમયપત્રક મુજબ, સીરિઝ હવે 17 નવેમ્બરને બદલે 18 નવેમ્બરથી શરૂ થશે. બીજી મેચ પણ એક દિવસ પછી 20 નવેમ્બરે રમાશે. વધુમાં, ટુર્નામેન્ટની બધી મેચ રાવલપિંડીમાં યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

શરૂઆતમાં ટુર્નામેન્ટની પાંચ મેચનું આયોજન લાહોરમાં થવાનું હતું, જેમાં 29 નવેમ્બરના રોજ ફાઈનલનો પણ સમાવેશ થાય છે, પરંતુ ત્રણેય બોર્ડ હવે ફક્ત રાવલપિંડીમાં જ મેચનું આયોજન કરવા સંમત થયા છે. પીસીબીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, શ્રીલંકા ક્રિકેટ (એસએલસી) અને ઝિમ્બાબ્વે ક્રિકેટ (ઝેડસી) સાથે ચર્ચા કર્યા પછી સમયપત્રકમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

શ્રીલંકાની ટીમ ચાલુ વન ડે સીરિઝમાં રમવાનું ચાલુ રાખે તે સુનિશ્ચિત કરવા માટે રાતોરાત ચર્ચાઓ પછી પીસીબીએ આ નિવેદન જારી કર્યું હતું.

### શ્રીલંકન ખેલાડીઓને પાકિસ્તાન છોડશે તો સજા કરવાની બોર્ડ દ્વારા ધમકી મળી

કોલંબો, તા. 13 : ઇસ્લામાબાદમાં થયેલા બોમ્બ વિસ્ફોટ બાદ ગભરાયેલા આઠ શ્રીલંકન ખેલાડીઓએ સ્વદેશ પરત ફરવાની તૈયારી કર્યાના અહેવાલો પછી હવે આ ખેલાડીઓએ પાકિસ્તાનમાં જ રહીને સીરિઝ રમવાનું નક્કી કર્યું હોવાનું સામે આવ્યું છે. જો કે એ સંબંધે મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે કે સ્વદેશ પાછા ફરવાનો નિર્ણય લેનારા શ્રીલંકન ક્રિકેટર્સને તેમના જ બોર્ડ દ્વારા ધમકી આપવામાં આવી હોવાના અહેવાલ છે. મીડિયા અહેવાલો અનુસાર, શ્રીલંકા ક્રિકેટે ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફને ધમકી આપી છે કે જો તેઓ સુરક્ષાના કારણોસર પાકિસ્તાન પ્રવાસ છોડી દે તો ઔપચારિક સમીક્ષા કરીને સજા નક્કી કરવામાં આવશે.

## એશિયન તીરંદાજી : જ્યોતિની આગેવાનીમાં ભારતે ત્રણ ગોલ્ડ જીત્યા

**જ્યોતિએ** વ્યક્તિગત જ્યારે ભારતીય મહિલા અને મિક્ષ્ડ ટીમે ગોલ્ડ મેડલ જીત્યા, પુરુષોની કમ્પાઉન્ડ ટીમે સિલ્વર જીત્યો

ઢાકા, તા. 13 (પીટીઆઈ) : જ્યોતિ સુરેખા વેન્નમની આગેવાનીમાં ભારતીય કમ્પાઉન્ડ તીરંદાજોએ ગુરુવારે અહીં એશિયન ચેમ્પિયનશિપમાં શાનદાર પ્રદર્શન કરીને ત્રણ ગોલ્ડ અને એક સિલ્વર મેડલ જીત્યો હતો.

અનુભવી તીરંદાજ જ્યોતિએ મહિલા વ્યક્તિગત ઈવેન્ટમાં પ્રથમ સ્થાન મેળવા પછી દીપશિખા અને પ્રીતિકા પ્રદીપ સાથે મળીને મહિલા ટીમ ઈવેન્ટમાં દેશ માટે ગોલ્ડ મેડલ જીત્યો હતો. ભારતીય મહિલા ટીમે ફાઈનલમાં કોરિયાને 236-234 થી હરાવ્યું હતું. એશિયન ગેમ્સ ચેમ્પિયન જ્યોતિએ કમ્પાઉન્ડ મહિલા વ્યક્તિગત ફાઈનલમાં ભારતની જ 17 વર્ષીય પ્રીતિકાને 147-145થી હરાવીને ગોલ્ડ જીત્યો હતો. કમ્પાઉન્ડ મિક્ષ્ડ ટીમ ફાઈનલમાં, અભિષેક વર્મા અને દીપશિખાએ બાંગ્લાદેશને 153-151થી હરાવીને ગોલ્ડ જીત્યો હતો

જોકે, ભારતને કમ્પાઉન્ડ મેન્સ ટીમ ફાઈનલમાં કઝાકિસ્તાન સામે 230-229થી હારતા સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો. ભારતીય ટીમમાં અભિષેક વર્મા, સાહિલ રાજેશ જાધવ અને પ્રથમેશ ફુગેનો સમાવેશ થતો હતો.

## સેમસન-જાડેજાનું હજુ સુધી ટ્રેડિંગ સ્વેપ ન થવા પાછળ કરન જવાબદાર

**રાજસ્થાન** રોયલ્સનો વિદેશી ખેલાડીઓનો ક્વોટા પહેલાથી જ ભરેલો હોવાથી કરનના સમાવેશનું કોકડું ગુંચવાયુ છે

**રોયલ્સ** કરનને સમાવવા માટે બે શ્રીલંકન સ્પિનર મહેશ તિક્શાના અને વનિન્દુ હસરંગાને રિલિઝ કરવાનું વિચારે છે

મુંબઇ, તા. 13 : ચેન્નાઇ સુપર કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સ દ્વારા સંજુ સેમસનના બદલામાં રવિન્દ્ર જાડેજા અને સેમ કરનના ટ્રેડ સ્વેપ સંબંધે એક્સપ્રેશન ઓફ ઇન્ટરેસ્ટ (EoI) શરૂ થયાને લગભગ 48 કલાક વીતી ગયા છે, પરંતુ અત્યાર સુધી ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ)એ આ સ્વેપ માટે કોઈ સત્તાવાર મંજૂરી આપી નથી અને તેની પાછળનું કારણ સેમ કરન છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, રવિન્દ્ર જાડેજા અને સંજુ સેમસનના ટ્રેડમાં વિલંબનું મુખ્ય કારણ સોદામાં સામેલ ત્રીજો ખેલાડી સેમ કરન છે. સમસ્યા એ છે કે રાજસ્થાન રોયલ્સ પાસે પહેલાથી જ વિદેશી ખેલાડીઓનો ક્વોટા ફુલ છે, અને જ્યાં સુધી તેઓ બીજા વિદેશી ખેલાડીને રિલીઝ ન કરે ત્યાં સુધી કરનને ટીમમાં સામેલ કરી શકાય તેમ નથી.

વાત અહીં જ પૂરી થતી નથી. રોયલ્સ પાસે તેમના ખિસ્સામાં ફક્ત ત્રણ મિલિયન રૂપિયા જ બાકી છે, જ્યારે કરનનું વર્તમાન મૂલ્ય 2.4 કરોડ છે. મંગળવાર, 11 નવેમ્બર સુધીમાં, રાજસ્થાનની ટીમમાં જોફ્રા આર્ચર , શિમરોન હેટમાયર, વનિન્દુ હસરંગા, મહિશ તીક્શાના, ફઝલહક ફારૂકી, ક્વેના મ્ફાકા નાંદ્રે બર્જર અને લુવાન-ડ્રે પ્રિટોરિયસ એમ આઠ વિદેશી ખેલાડીઓ સામેલ છે. આ ઉપરાંત, ટીમમાં 14 ભારતીય ખેલાડીઓનો પણ સમાવેશ થાય છે.

આ સોદો આગળ વધારવા માટે, રાજસ્થાને ઓછામાં ઓછા રૂ. 2.4 કરોડ કે તેથી વધુ કિંમતના વિદેશી ખેલાડીને રિલીઝ કરવો પડશે. અહેવાલો અનુસાર, ફ્રેન્ચાઇઝી પહેલાથી જ તેના બે શ્રીલંકન સ્પિનરોઃ વાનિન્દુ હસરંગા (5.25 કરોડ) અને મહિશ તિક્શાના (4.40 કરોડ) ને રિલીઝ કરવાનું વિચારી રહી છે. આનાથી માત્ર વિદેશી સ્લોટ ખાલી થશે જ નહીં પરંતુ નોંધપાત્ર રકમ પણ ખાલી થશે.

## ન્યૂઝીલેન્ડે પાંચમી ટી-20 જીતીને વેસ્ટ ઈન્ડિઝને સીરિઝમાં 3-1થી હરાવ્યું

**ડફીની** કાતિલ બોલિંગથી વેસ્ટઇન્ડિઝનો 140 રનમાં વિંટો વાળ્યા પછી ન્યૂઝીલેન્ડે બે વિકેટે લક્ષ્યાંક કબજે કરી લીધો

ડ્યુનેડિન (ન્યુઝીલેન્ડ), તા. ૧૩ : અહીં ગુરુવારે રમાયેલી પાંચમી અને અંચિમ ટી-20 ઈન્ટરનેશનલમાં જેકબ ડફીની કાતિલ બોલિંગન કારણે વેસ્ટઈન્ડિઝનો 140 રનમાં વિંટો વાળ્યા પછી ડેવોન કોનવેની ઈનિંગની મદદથી લક્ષ્યાંક કબજે કરીને ન્યૂઝીલેન્ડે વેસ્ટઈનૂડિઝને આઠ વિકેટથી હરાવીને સીરિઝ ૩-૧થી જીતી લીધી હતી.

ડફીએ ત્રીજી ઓવરમાં ત્રણ વિકેટ લીધી, જેનાથી વેસ્ટ ઈન્ડિઝનો સ્કોર ચાર વિકેટે 21 રન થયો. ત્યારબાદ ડફીએ ખતરનાક રોમારિયો શેફર્ડને આઉટ કર્યો, જેણે 22 બોલમાં 36 રન બનાવ્યા હતા. વેસ્ટ ઈન્ડિઝ 18.4 ઓવરમાં 140 રનમાં ઓલઆઉટ થઈ ગયું. જેમાં રોસ્ટન ચેઝે સૌથી વધુ 38 રન બનાવ્યા. ન્યૂઝીલેન્ડે 15.4 ઓવરમાં બે વિકેટે 141 રન બનાવીને સરળ જીત મેળવી હતી. ન્યૂઝીલેન્ડના ઓપનર ડેવોન કોનવેએ નોટઆઉટ 47 રન બનાવવા ઉપરાંત ટિમ રોબિન્સન સાથે 69, રચિન રવિન્દ્ર સાથે 37 અને માર્ક ચેપમેન સાથે ૩૫ રનની મહત્વપૂર્ણ ભાગીદારી કરી ટીમને લક્ષ્ય સુધી સરળતાથી પહોંચાડી હતી.

## જાપાન ઓપન : લક્ષ્ય ક્વાર્ટર ફાઇનલ, પ્રણોય બહાર

કુમામોટો, તા. 13 (પીટીઆઈ) : સ્ટાર ભારતીય શટલર લક્ષ્ય સેને ગુરુવારે અહીં સિંગાપોરના જિયા હેંગ જેસન તેહ સામે સીધી ગેમમાં જીત મેળવીને કુમામોટો માસ્ટર્સ જાપાન ઓપન બેડમિન્ટન ટૂર્નામેન્ટ મેન્સ સિંગલ્સની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો પરંતુ એચએસ પ્રણોયની સફર બીજા રાઉન્ડમાં જ સમાપ્ત થઈ ગઈ હતી. 2021માં વર્લ્ડ ચેમ્પિયનશિપના બ્રોન્ઝ મેડલિસ્ટ લક્ષ્યએ 39 મિનિટમાં જ વિશ્વના 20મા ક્રમાંકિત તેહને 21-13, 21-11થી હરાવ્યો હતો. લક્ષ્ય ક્વાર્ટર ફાઈનલમાં સિંગાપોરના માજી વર્લ્ડ ચેમ્પિયન લોહ કીન યૂ સામે ટકરાશે. પ્રણોય ડેનમાર્કના રાસમસ ગેમકે સામે 46 મિનિટ સુધી ચાલેલી બીજા રાઉન્ડની મેચમાં 18-21, 15-21થી હારી ગયો હતો.

## ચેસ વર્લ્ડકપ : એરિગસી, હરિકૃષ્ણ પ્રી-ક્વાર્ટરમાં, પ્રજ્ઞાનંદા આઉટ

પણજી (ગોવા), તા. 13 (પીટીઆઈ) : ગ્રાન્ડમાસ્ટર અર્જુન એરિગસી અને પી હરિકૃષ્ણએ ચેસ વર્લ્ડકપના ચોથા રાઉન્ડના ટાઈ-બ્રેકરમાં અનુક્રમે હંગેરિયન અનુભવી પીટર લેકો અને સ્વીડનના નિલ્સ ગ્રાન્ડેલિયસને હરાવ્યા હતા. એરિગસીએ ટાઈબ્રેકરના પહેલા સેટમાં લેકોને 3-1થી હરાવ્યો જ્યારે હરિકૃષ્ણાએ પહેલો સેટ ડ્રો કર્યો અને પછી બીજો સેટ જીતીને કુલ 2.5-1.5થી જીત મેળવી અને છેલ્લા 16માં પ્રવેશ કર્યો હતો. જો કે આર પ્રજ્ઞાનંદા ડ્રો જાળવી ન શકતા રશિયાના ડેનિલ ડુબોવ સામે હારીને આ વર્ષના વર્લ્ડકપમાંથી બહાર થઈ ગયો હતો. જર્મનીના ફ્રેડરિક સ્વેને પોતાનો પ્રભાવશાળી દેખાવ ચાલુ રાખ્યો, આર્મેનિયાના શાંત સાર્ગસ્યાનને 2.5-1.5 થી હરાવ્યો હતો. અગાઉ વિશ્વ ચેમ્પિયન ડી ગુકેશને હરાવનારા સ્વેને તેના ચાહકોને નિરાશ કર્યા નહીં અને કન્ટેડર્સમાં સ્થાન મેળવવાની રેસમાં રહ્યો છે. 2 મિલિયન ડોલરની આ ટુર્નામેન્ટમાં પણ મોટો ઉથલપાથલ જોવા મળી જ્યારે એલેક્સી ગ્રેબનેવે ફ્રાન્સના મેક્સિમ વાચિયર-લાગ્રેવને 2.5-1.5થી હરાવ્યો હતો.

## હેમસ્ટ્રિંગ ખેંચાતા માર્ક વુડે પ્રેક્ટિસ મેચ અધવચ્ચે જ છોડી

પર્થ, તા. 13 (એપી) : ઓસ્ટ્રેલિયા સામે આવતા અઠવાડિયે રમાનારી એશિઝ સીરિઝની પ્રથમ ટેસ્ટ પહેલા ગુરુવારે ઈંગ્લેન્ડને મોટો ફટકો પડ્યો જ્યારે ઝડપી બોલર માર્ક વુડને હેમસ્ટ્રિંગ ખેંચાવાના કારણે એકમાત્ર પ્રેક્ટિસ મેચમાંથી ખસી જવાની ફરજ પડી. ઈંગ્લેન્ડ લાયન્સ સામેની પ્રેક્ટિસ મેચમાં પર્થના લિલાક હિલ ખાતે મેદાન છોડતા પહેલા વુડે આઠ ઓવર ફેંકી હતી.ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડના જણાવ્યા અનુસાર, પ્રેક્ટિસ મેચમાં વુડ આઠ ઓવર બોલિંગ કરશે તે પહેલાથી જ નક્કી થઈ ગયું હતું. બોર્ડે જણાવ્યું હતું કે વુડ શુક્રવારે સ્કેન કરાવશે અને શનિવારે બોલિંગમાં પાછો ફરશે. ૩૫ વર્ષીય ખેલાડી ઘૂંટણની સર્જરી બાદ છેલ્લા નવ મહિનાથી રમતથી દૂર છે. તે પગમાં પાટો બાંધીને તાલીમ લઈ રહ્યો હતો. પહેલી ટેસ્ટ 21 નવેમ્બરથી પર્થમાં શરૂ થશે.

## શાર્દુલ ઠાકુર અને શેરફન રૂધરફોર્ડ મુંબઈ ઈન્ડિયન્સમાં જોડાયા

**ટ્રેડિંગ** વિન્ડોમાં મુંબઇ ઇન્ડિયન્સે શાર્દુલને એલએસજી પાસેથી અને રૂધરફોર્ડને ગુજરાત ટાઇટન્સ પાસેથી ટ્રેડ કર્યા

**મુંબઇ** ઇન્ડિયન્સમાંથી અર્જુન તેંદુલકર એલએસજીમાં જવા અંગે પણ બંને વચ્ચે સંમતિ સધાઇ

નવી દિલ્હી, તા. 13 : આઇપીએલ 2026 પહેલા ટ્રેડિંગ વિન્ડોમાં ભારતના ઓલરાઉન્ડર શાર્દુલ ઠાકુર અને વેસ્ટ ઈન્ડિઝના શેરફેન રૂધરફોર્ડ મુંબઈ ઈન્ડિયન્સ સાથે જોડાયા છે. મુંબઇ ઇન્ડિયન્સે એલએસજી સાથે ઠાકુરને 2 કરોડ રૂપિયામાં સંપૂર્ણ રોકડ વેપાર સોદો દ્વારા મેળવવા માટે સૈદ્ધાંતિક કરાર કર્યો છે . સાથે જ મુંબઇ ઇન્ડિયન્સે રૂધરફોર્ડને ગુજરાત ટાઇટન્સ પાસેથી 2.6 કરોડ રૂપિયામાં હસ્તગત કર્યો હતો. એમઆઇ અને એલએસજીએ આઈપીએલ 2023 થી એમઆઈ માટે રમી રહેલા અર્જુન તેંડુલકર સાથે એક અલગ વેપાર કરાર પર પણ સંમતિ દર્શાવી છે. અહેવાલો અનુસાર મુંબઇ ઇન્ડિયન્સે આ ટ્રેડમાં અર્જુન તેંદુલકરને એલએસજી સાથે સ્વેપ કર્યો છે. લખનૌ સુપર જાયન્ટ્સે લીગની 18મી સીઝન માટે ઘાયલ ખેલાડીના સ્થાને 2 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો, જ્યાં તેણે 10 મેચ રમી હતી એવું આઇપીએલે એક નિવેદનમાં જણાવ્યું હતું. નિવેદનમાં જણાવાયું છે કે આ ઓલરાઉન્ડરને મુંબઈ ઇન્ડિયન્સ સાથે તેની વર્તમાન ફી 2 કરોડ રૂપિયામાં ટ્રેડ કરાયો હતો.

## નાગલે જરૂરી દસ્તાવેજો સાથે ફરી વિઝા અરજી કરે : ચીનનું વિદેશ મંત્રાલય

**વિઝા** કારણ વગર નકારાયા હોવાનું નાગલનું નિવેદન, ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તા કહે છે કાયદા અનુસાર તમામને વિઝા મળે છે

બેઈજિંગ, તા. 13 (પીટીઆઈ) : ચીનના વિદેશ મંત્રાલયે ગુરુવારે કહ્યું કે ભારતના ટોચના ક્રમાંકિત ટેનિસ ખેલાડી સુમિત નાગલે તમામ જરૂરી દસ્તાવેજો સાથે તેની અરજી તેના દૂતાવાસમાં સબમિટ કરવી જોઈએ. નાગલને ટુર્નામેન્ટ માટે ચીન જવા માટે વિઝા આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો.

નાગલ ઓસ્ટ્રેલિયન ઓપન પ્લેઓફ સ્પર્ધામાં ભાગ લેવા માટે ચેંગડુ જવાનો હતો, જે પ્રાદેશિક ખેલાડીઓને 2026 ઓસ્ટ્રેલિયન ઓપનના મુખ્ય ડ્રોમાં પ્રવેશ પ્રદાન કરશે. મંગળવારે, નાગલે 'X' પર લખ્યું કે તેના વિઝા કોઈપણ કારણ વગર નકારી કાઢવામાં આવ્યા હતા અને તેણે ભારતમાં ચીનના રાજદૂત પાસેથી મદદ માંગી હતી. જ્યારે ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાનને ટિપ્પણી માટે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે ચીન ભારત સહિત તમામ દેશોના ખેલાડીઓને કાયદા અને નિયમો અનુસાર વિઝા આપે છે. તેમણે આશા વ્યક્ત કરી કે સંબંધિત વ્યક્તિ ભારતમાં ચીની દૂતાવાસની જરૂરિયાતો અનુસાર સમયસર અરજી દસ્તાવેજો સબમિટ કરશે.

### શેન વોટસન KKRના સહાયક કોચ તરીકે નિયુક્ત

કોલકાતા, તા. 13 (પીટીઆઇ) : કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર)એ આજે ગુરુવારે 2026ની ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) માટે માજી ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર શેન વોટસનને તેમના સહાયક કોચ તરીકે નિયુક્ત કર્યો છે. વોટસને ઓસ્ટ્રેલિયા તરફથી 59 ટેસ્ટ, 190વનડે અને 58 ટી-20 ઇન્ટરનેશનલ મેચ રમી છે. જેમાં 10,000થી વધુ ઇન્ટરનેશનલ રન બનાવ્યા હતા અને તમામ ફોર્મેટ મળીને 280થી વધુ વિકેટ લીધી હતી. વોટસને એક પ્રેસ રિલીઝમાં જણાવ્યું હતું કે, કોલકાતાને બીજા ખિતાબ તરફ દોરી જવા માટે હું કોચિંગ ગ્રુપ અને ખેલાડીઓ સાથે નજીકથી કામ કરવા આતુર છું.

### અનુસંધાન... પાના પહેલાનું

**દિલ્હીનું પ્રદૂષણ ખૂબ...**

હેઠળ જાગ્યું તે ત્યારે ટોચની અદાલતની આ ટિપ્પણી આવી, કારણ કે શહેરની હવાની ગુણવત્તા સતત ત્રીજા દિવસે 'સિવિયર' શ્રેણીમાં રહી છે. 'સિવિયર' AQI સ્વસ્થ વ્યક્તિઓ માટે પણ ગંભીર સ્વાસ્થ્ય જોખમો ઉભો કરે છે, અને પહેલાથી જ શ્વસન અથવા હૃદયની તકલીફ ધરાવતા લોકોને ખરાબ રીતે અસર કરી શકે છે. રાજધાની અને નજીકના શહેરોમાં વાયુ પ્રદૂષણની સ્થિતિ ગંભીર રહી છે કારણ કે પડોશી રાજ્યોમાં પરાળી બાળવાનું કારણ ઝેરી ધુમ્મસનું મુખ્ય કારણ રહ્યું છે. દ્રશ્યો દર્શાવે છે કે રાજધાનીનું આકાશ ગાઢ પ્રદૂષણમાં ડૂબી ગયું છે, ઇમારતો અને રસ્તાઓ ભાગ્યે જ દેખાતા હતા. શહેરના ઘણા વિસ્તારોમાં એક્યુઆઇ ૪૦૦ની ઉપર ગયો હતો.

**સોનામાં રૂ. 3000...**

''ગુરુવારે બુલિયન બજારમાં તેજી જારી રહી હતી, જેનાથી નરમ યુએસ ડોલર અને વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાના નબળા મેક્રોઈકોનોમિક ડેટાને કારણે વધુ વ્યાજ દરમાં ઘટાડાની અપેક્ષાઓ દ્વારા સમર્થન મળ્યું.

**અલ-ફ્લાહ...**

કોલેજોના એક્રેડિશનનો દરજ્જો સમાપ્ત થઈ ગયો છે. બંને કોલેજોએ હજુ સુધી NAAC ની નવી મૂલ્યાંકન પ્રક્રિયા માટે સ્વૈચ્છિક અરજી આપી નથી," એમ નોટિસમાં જણાવાયું છે.

**અલ-ફ્લાહ યુનિવર્સિટીનું...**

અલ-ફ્લાહ યુનિવર્સિટીની વર્તણૂક યોગ્ય નહીં હોવાથી યુનિવર્સિટીઓના મંડળમાંથી તેનું સભ્યપદ રદ કરાયું છે એ મુજબ એઆઇયુ એ જણાવ્યું હતું.

**આતંકીઓનો અડ્ડો...**

અધિનિયમ હેઠળ કરવામાં આવી હતી. અલ ફલાહ મેડિકલ કોલેજ પણ યુનિવર્સિટી સાથે જોડાયેલી છે. યુનિવર્સિટીએ બુધવારે એક નિવેદનમાં કહ્યું હતું કે તે રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત મામલામાં તાર્કિક, ન્યાયી અને નિર્ણાયક નિર્ણય પર પહોંચવા માટે સંબંધિત તપાસ અધિકારીઓને સંપૂર્ણ સહયોગ આપી રહી છે.